ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# ગાંધીનગરના માત્ર ૯ ટકા પરિવારો પાસે જ ટી.વી. કમ્પ્યુટર, મોબાઈલ ને વાહનની લકઝરી !!!

ગાંધીનગરના બે લાખ ૮૭ હજાર પરિવારમાંથી માત્ર ૨૫ હજાર પરિવારો જ એવા છે કે જેમની પાસે ટેલિવિઝન, કમ્પ્યુટર/ લેપટોપ, ટેલીફોન/ મોબાઈલ ફોન અને કાર/સ્કૂટર છે. આંકડાની દૃષ્ટિએ માત્ર ૮.૯ ટકા પરિવારો પાસે જ આ તમામ ભૌતિક સુવિધા ઉપલબ્ધ છે. આ બધી ભૌતિક ચીજ વસ્તુઓને જો આપણે આજના વર્તમાન સમય મુજબ જીવન જરૂરિયાતના સાધનો ગણીએ તો ૯૧ ટકા પરિવારોના જીવનમાં આ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ગેરહાજર છે.

ટેલિવિઝન સેટ એક રીતે ભલે 'ઈડિયટ બોક્સ'ના નામે ઓળખાતું હોય પરંતુ જો એની હકારાત્મક બાજુઓ જોઈએ તો અને માહિતી આપતું એક ઉષણ માધ્યમ ટેલિવિઝન સેટ છે. ટેલિવિઝન પર પ્રસારિત થતાં




**ટી.વી. કમ્પ્યુટર/ લેપટોપ, ટેલીફોન/ મોબાઈલ અને કાર/ સ્કૂટર આ તમામ સંપત્તિ હોય એવા પરિવારોમાં ગામ અને શહેર વચ્ચે પણ બહુ મોટો ભેદ**

વિવિધ ચેનલોના કાર્યક્રમોને આપણે ટીકાની દ્રષ્ટિએ ન જોઈએ તો આખા દિવસના માનસિક અને શારીરિક શ્રમ પછી કુટુંબના નાના બાળકથી માંડીને વૃદ્ધ વડીલ સુધીના સદસ્યોને ઘરે બેઠા દીવાનખાનામાં તે મનોરંજન પૂરું પાડે છે. ટેલિવિઝન મનોરંજન ઉપરાંત દેશ-વિદેશની ખબરો પણ પૂરી પાડે છે. સમાચારની સાદી વ્યાખ્યા નોર્થ, ઈસ્ટ, વેસ્ટ અને સાઉથ એમ ચારેય દિશાઓના પહેલા અક્ષર ઉપરથી શબ્દ બન્યો છે ન્યૂઝ. ચારેય દિશામાંથી આવતા આવતી નવીન વાત એટલે સમાચાર કે ન્યૂઝ. ટેલિવિઝન એ રીતે માહિતગાર કરવાનું કામ કરે છે, અને મનોરંજનનું તો ખરું જ. આ ઉપરાંત આજકાલના જે નાની ઉંમરના બાળકોને આપણે બુદ્ધિશાળી કે હોશિયાર છે એમ સ્વીકારીએ છીએ ત્યારે એમની પાસે જે આવડત આપણા કરતાં( બાળકોની આંગળી પેઢીઓ કરતા) વધારે છે એમ જો વિચારતા હોઈએ કે સ્વીકારતા હોઈએ તો એની પાછળનું મૂળ કારણ ટેલિવિઝન સેટ છે એ નાં ભૂલવું જોઈએ. અત્રે યાદ રહે કે બાળકો માત્ર કાર્ટૂન જોવે છે એવી જ્યારે ફરિયાદ થતી હોય ત્યારે બાળકો સાથે જો વડીલો કાર્ટૂન જુએ ત્યારે ટેલિવિઝન બાળકોને મનોરંજનની સાથે આવડત આપે છે એ તરત સમજાઈ શકે એવું છે. આમ ટેલિવિઝન માત્ર નકારાત્મકતા જ ફેલાવે, બાળ પેઢી કે યુવા પેઢી ને બગાડવાનું કામ કરે છે એ બાબત સાવ સાચી તો નથી જ એ આપણે સ્વીકારવું રહ્યું. માહિતી મનોરંજન ન્યૂઝ અને વ્યૂઝનું એક સશક્ત માધ્યમ ટેલિવિઝન છે એમ ચોક્કસ કહી શકાય.

એવી જ રીતે કમ્પ્યુટર અને લેપટોપ એ પણ આજના સમયમાં જરૂરીયાતનું ઉપકરણ છે. એક સમયે કમ્પ્યુટર અને લેપટોપ એ એટલા બધા જરૂરી ન હતા. પરંતુ આપણે જ્યારે ડિજિટલ યુગની વાત કરીએ શિક્ષણ ઉચ્ચ શિક્ષણની આજના સમયની આવશ્યક્તા છે એમ કહેતા હોઈ એ ત્યારે ત્યારે મોબાઈલ કે લેપટોપ વિદ્યાર્થી, વ્યવસાયી કે નોકરિયાત માટે જરૂરિયાતનું એક

● અનુસંધાન પાના - ૭ પર

# શહેરમાં મેઘરાજાની ધડબડાટી : એક કલાકમાં બે ઈંચ

## બે ઇંચ વરસાદથી શહેરના મુખ્ય અને આંતરિક માર્ગો સહિત કોમન પ્લોટમાં જળબંબાકારની સ્થિતિ : રાત્રિના સમયે અનેક વાહનો માર્ગ વચ્ચે અટવાયા : જનજીવન પ્રભાવિત

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરમાં ગઈકાલે રાત્રિના વરસાદે બઘડાડી બોલાવી હતી. એક જ કલાકમાં બે ઇંચ વરસાદ વરસતા ચોમેર જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. ગઈકાલે નગરજનોને વરસાદના આક્રમક મિજાજનો પરચો મળ્યો હતો. ધોધમાર વરસાદના લીધે શહેરના મુખ્યમાર્ગો , સેકટરોના આંતરિક માર્ગો અને કોમન પ્લોટમાં વરસાદી પાણી હીલોળા લેતુ નજરે પડયુ હતુ સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા હતા. જયારે માર્ગો પર વાહનચાલકો પણ અટવાયા હતા. મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં ઢીંચણ સુધીના પાણી ભરાયા હતા. વરસાદના લીધે ઠંડક પ્રવર્તી હતી.

ગાંધીનગરમાં મેઘરાજાએ ગઈકાલે મોડીસાંજે બઘડાડી બોલાવી હતી. માત્ર એક જ કલાકમાં બે ઈંચ વરસાદ વરસતા ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ.





દિવસ દરમિયાન વાદળિયુ વાતાવરણ રહ્યુ હતુ. જયારે મોડી સાંજે આકાશમાં ઘેરાયેલા કાળા ડીબાંગ વાદળો પુરજોશમાં વરસી પડયા હતા. વરસાદની તિવ્રતા એટલી હદે હતી કે માર્ગ પર જતા વાહનચાલકો પણ કલાક સુધી સાઈટમાં ઉભા રહી ગયા હતા મેઘરાજાના આક્રમક મિજાજના લીધે પલવારમાં જ સેકટરોમાં પાણી પાણી થઈ ગયુ હતુ. બે ઈંચ વરસાદના લીધે સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા હતા. વિજયમકારા વચ્ચે સતત એક કલાક સુધી એકધારો વરસાદ વરસ્યો હતો. મુખ્યમાર્ગો પર પણ ઠેર ઠેર પાણી ભરાઈ જતા વાહનચાલકો અટવાયા હતા. આ ઉપરાંત સેકટરોના આંતરિક વિસ્તાર પણ જળબંબાકાર થયા હતા. સે-૧૨,૧૩, સે-૨૨, સે-૩,૪,૫ અને સે-૬ માં પણ પાણી ભરાઈ ગયા હતા. સે-૨૪ માં પણ વરસાદી પાણી ઉભરાયા હતા. સરગાસણ તેમજ કુડાસણની સોસાયટીઓ ઢીંચણ સમા પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. વાહનો અને કાર પણ માર્ગ વચાળે ટ્રાફિક જામના દ્રશ્યોસર્જાયા હતા. જયારે ખોટવાયેલા વાહનો ઘરે પહોંચાડવા માટે મોડી રાત સુધી મથામણ ચાલી હતી. સેકટરોના કોમન પ્લોટમાં વરસાદી પાણીના ભરાવાના લીધે તળાવ સર્જાયુ હતુ. છેલ્લા બે ત્રણ દિવસથી વરસાદ હાથતાળી આપીને અદ્રશ્ય થઈ જતા વરસાદની ગેરહાજરી વચ્ચે નગરજનો ગરમી અને અકળામણ અનુભવી રહ્યા હતા. પરંતુ મોડી સાંજે મેઘરાજાએ હેત વરસાવતા ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. સેકટરવાસીઓએ મનભરીને વરસતા મેઘરાજાની મજા માંણી હતી. સેકટરવાસીઓ વરસાદમાં ભીંજાવાની મજા માંણી હતી. સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા હતા. મોડી સાંજે ધમધોકાર વરસેલા વરસાદના લીધે જનજીવન પ્રભાવિત થયુ હતુ. જો કે દમલગાવીને વરસેલા વરસાદે એક કલાકમાં વિરામ લીધો હતો. આજે સવારથી પણ વાદળિયુ વાતાવરણ યથાવત રહ્યુ હતુ. જો કે દિવસ દરમિયાન વરસાદ આવ્યો ન હતો. પરંતુ સેકટરોમાં વરસાદી પાણી ઓસરતા ઠેર ઠેર કાદવ કીચ્ચડ અને ગંદકીના દ્રશ્યો જોવા મળ્યા હતા. વરસાદના લીધે સેકટરોમાં અનેક સમસ્યાઓ ઉદભવી છે. રખડતા ઢોરનો ત્રાસ પણ વધ્યો છે. ગાંધીનગરમાં સિઝનનો ૧૮ ઈંચથી વધુ વરસાદ થયો છે.

# આજે મનપાની સામાન્ય સભા

## રંગમંચોના ભાડા-વધારા અંગે તેમજ કાઉન્સીલરોના પગાર વધારાનો મુદ્દો મંજૂરી માટે રજુ થશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મહત્વની સામાન્ય સભા મેયર રીટાબેન પટેલના અધ્યક્ષસ્થાને બપોરે બે વાગે મનપાના સભાખંડમાં મળશે.

બે મહિનાના વિરામ બાદ આ પ્રથમ સામાન્ય સભા હશે જેમાં ભાજપ પાસે સ્પષ્ટ બહુમતિ હશે. આજે વોર્ડ નં. ૩ની પેટા ચૂંટણીમાં વિજયી બની આવેલા પ્રણવ પટેલ પ્રથમવાર કાઉન્સીલર તરીકે આ બેઠકમાં હાજરી આપશે.

આ બેઠકમાં પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ એન્ડ હેન્ડસીંગ રૂલ્સ ૨૦૧૬ને આખરી મંજૂરી આપવામાં આવશે. આ ઉપરાંત રંગમંચોના ભાડા વધારાની દરખાસ્ત જે પુનઃ વિચારણા માટે કમિશ્નરે સ્થાયી સમિતિને મોકલી હતી તે અંગે પણ મહત્વનો નિર્ણય લેવામાં આવશે.

આ બેઠકમાં કાઉન્સીલરોના ભાડા-ભથ્થા વધારવાના રાજ્ય સરકારના નિર્ણયને પણ મંજૂરી આપવામાં આવશે. જેને કારણે કાઉન્સીલરોના પગાર ભથ્થામાં સારો એવો વધારો થશે અને મનપાની તિજોરી પર ભારણ વધશે.

આજની આ બેઠકમાં વિપક્ષની વ્યુહરચના અંગે સવારમાં બેઠક બોલાવવામાં આવી છે. ભારે વરસાદથી શહેરમાં પડેલા ભુવા તેમજ વરસાદી પાણીના નિકાલની ઉભી થયેલી અવ્યવસ્થાને મુદ્દે વિપક્ષ તડાપીટ બોલાવે તેવી શક્યતાઓ છે.

બીજી તરફ ભાજપના કાઉન્સીલરોની બેઠક પણ સવારે મળશે તેમ જાણવા મળેલ છે. જોકે સંકલનની બેઠક આ વખતે બોલાવવામાં આવી નથી. આ બેઠકને આમ તો રૂટીન બેઠક ભાજપના નેતાઓ લેખાવી રહ્યા છે.

# વરસાદ બંધ છતા સેકટરોમાં હજુ ગાબડાં પુરવા માટે તંત્ર કામે લાગ્યુ નથી

**સેક્ટરોમાં માટી પોલાણ તેમજ માર્ગો પર જોવા મળતા ગાબડા ગમે ત્યારે જોખમી પુરવાર થાય તેવી દહેશત વચ્ચે નગરજનોમાં આક્રોશ**

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર શહેરમાં વરસાદી દિવસોમાં સેકટરોમાં ઠેર ઠેર ગંદકી અને ગાબડા જોવા મળી રહ્યા છે. સેકટરોમાં દુવિધાઓનુ દંગલ જોવા મળી રહ્યુ છે. માર્ગો આસપાસ વરસાદી પાણીની નિકાલની લાઈન માટે હાથ ધરાયેલ ખોદકામના અંતે યોગ્ય માટી પુરાણ ન થતા વરસાદની ગેરહાજરીમાં પણ ભયજનક સ્થિતિ યથાવત છે.

શહેરમાં વરસાદી દિવસોની શરૂઆત થતા જ નગરમાં દુવિધાઓનુ દંગલ જોવા મળી રહ્યુ છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં વરસાદી પાણી વચ્ચે ખદબદતી ગંદકી સાથે માર્ગો આસપાસ વરસાદી પાણીના નિકાલની લાઈન માટે ખોદાયેલા ખાડાઓનુ યોગ્ય માટી પુરાણ ન થતા મોટામસ ખાડાઓ અસ્તિત્વમાં આવ્યા છે. જેના લીધે સ્થાનિક રહીશો માટે ડગલે ને પગલે જોખમ ઉભુ થયુ છે. છેલ્લા બે ત્રણ દિવસથી વરસાદ બંધ છે. આમછતા તંત્ર દ્વારા આ મામલે કોઈ સર્વે તેમજ અભ્યાસ હાથ ધરીને આ પ્રકારની જોખમી સ્થિતિને ટાળવા માટે કોઈ કામગીરી હાથ ધરવામાં આવી નથી. શહેરમાં સ્ટોર્મ વોટર

● અનુસંધાન પાના - ૭ પર

# જિલ્લામાં કુપોષણ મુક્તિ અભિયાનના લીરા ઉડ્યા !

## માણસા તાલુકામાં નબળી કામગીરીની ચોંકાવનારી વિગતોથી તંત્રમાં ખળભળાટ


ગાંધીનગર, તા. ૧૮

કુપોષણ મુક્તિ અભિયાનની મોટી મોટી વાતો વચ્ચે બાળકોને આ માટે સી.એમ.ટી.સી. સેન્ટરમાં દાખલ કરવાના મુદ્દે તંત્ર દ્વારા સેવવામાં આવતા ઉદાસીન અભિગમની હકીકતોએ જિલ્લા તંત્રને હચમચાવી દીધુ છે.

મળતી વિગતો પ્રમાણે એપ્રિલ-૧૯થી જુલાઈ-૧૯ના ગાળામાં માણસા તાલુકામાં માત્ર ૧૧.૯ ટકા જ કામગીરી થઈ હોવાનું બહાર આવતા તાલુકાના તમામ મેડીકલ ઓફિસરોને આ અંગે કડક તાકીદ કરવામાં આવી છે.

વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મહુડીમાં ૧.૬

● અનુસંધાન પાના - ૭ પર



વાદળોની દોડાદોડી સાથે સૂરજ અને વાદળો વચ્ચેની સંતાકુકડી આજે આખો દિવસ ચાલુ રહી હતી. વરસાદી નીરથી લબાલબ ભરેલા શ્યામ વાદળો વચ્ચેથી ડોકાતી સોનેરી સૂરજની કિરણો મનને અદ્‌ભુત આહલાદકતાથી ભરી દે છે. ઘનઘોર વાદળો અને ઘાસની લીલીછમ ચાદર વચ્ચે શહેરનું સૌંદર્ય સોળે કલાએ ખીલી ઉઠ્યુ છે. કોઈ હીલ સ્ટેશન સમુ લાગતુ ગાંધીનગર વાદળોથી ઘેરાઈને વધુ સૌંદર્યમય બની ગયુ છે.

# વિલેજ ડેવલપમેન્ટ પ્લાનની વિગતો અપલોડ ન થતાં ભારત સરકારે નારાજગી વ્યક્ત કરી

## હરકતમાં આવેલી સરકારે દરેક વિભાગને તેમની કામગીરીનું પ્રેઝન્ટેશન રજુ કરવા ખાનગી સૂચના આપી

ગાંધીનગર, તા. ૧૮

ભારત સરકારે નાણાં પંચની ગ્રાન્ટમાંથી ગ્રામ્યસ્તરે વિકાસના કામો માટે વિલેજ ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરવાની આપેલી સૂચના પછી ૨૦૧૯-૨૦ના વર્ષ માટેના આ એક્શન પ્લાન પંચાયતો દ્વારા અપલોડ કરવામાં આવ્યા નહિ હોવાથી સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.

પ્રાપ્ત થતી વિગતો મુજબ તાજેતરમાં પંચાયતી રાજ મંત્રાલયે આ અંગે એક વિડીયો કોન્ફરન્સમાં નારાજગી પંચાયત વિભાગના અધિકારીઓ સમક્ષ વ્યક્ત કરી હતી.

દર વર્ષે આ ડેવલપમેન્ટ પ્લાન અપલોડ કરવામાં આવે છે. પરંતુ આ વર્ષનું અડધાથી પણ વધુ વર્ષ પસાર થઈ ગયુ હોવા છતાં ગુજરાતમાં આ કામગીરી નબળી રહેવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે રાજયના પંચાયત વિભાગે આ અંગે તમામ જિલ્લાઓને આ કામગીરી આગામી ૧૫ દિવસમાં પૂર્ણ થાય તે જોવા માટે કડક તાકીદ પણ કરી છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રોના જણાવ્યાનુસાર ભારત સરકારના અધિકારીઓએ આ બાબતમાં જે નારાજગી વ્યક્ત કરતાં વિભાગે તેની ગંભીર નોંધ લીધી છે અને આ પ્લાન અપલોડ કરવા માટે જરૂરી ૧૦થી વધુ મુદ્દાઓ પર ખાસ ધ્યાન આપવા સૂચનાઓ પણ જારી કરી છે.

સચિવાલયના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ભારત સરકાર દ્વારા સતત મોનીટરીંગ વિવિધ યોજનાઓ સંદર્ભે થઈ રહેલ છે અને તેમાં ગુજરાતની નબળી કામગીરીને લઈ રાજ્યના મુખ્યમંત્રીશ્રીને પણ આ અંગે નારાજગીનો સામનો સહન કરવી પડી રહી છે. રાજ્ય સરકારે પણ દરેક વિભાગમાં હવે વિભાગવાર સમીક્ષાઓ હાથ ધરવાનો પણ નિર્ણય કર્યો છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે પર્વોની સમાપ્તી પછી સરકાર સમક્ષ દરેક વિભાગવાર થયેલ કામગીરીનું પ્રેઝેન્ટેશન મંત્રીમંડળ સમક્ષ રજુ કરવા માટેની સૂચનાઓ પણ ખાનગીમાં આપી દેવામાં આવી છે.

## અંતિમ અરદાસ/બેસણું



ભારે દુઃખ સાથે જણાવવાનું કે શ્રી **નરેન્દ્રસિંઘ વી. છાબડા (જી.ઈ.બી.)**નું તા. ૧૬/૮/૨૦૧૯ના રોજ દુઃખદ અવસાન થયું છે. **સદ્‌ગતનું અંતિમ અરદાસ / બેસણું તા. ૨૦/૮/૨૦૧૯ને મંગળવારના રોજ સવારે ૧૧ થી ૧૨.૧૫ દરમિયાન ગુરૂદ્વારા, સેક્ટર-૩૦, ગાંધીનગર** ખાતે રાખેલ છે.

**પરમજીતકૌર છાબડા (પત્ની)**

**બેસણાનું સ્થળ :**
**ગુરૂદ્વારા ગુરૂનાનક સાહિબ**
**પ્લોટ નં. ૨૪૧, અક્ષરધામ નજીક, સેક્ટર-૩૦, ગાંધીનગર**

## જાહેર નોટીસ / ચેતવણી

આથી જાહેર જનતાને જણાવવાનું કે, અમારી પુત્રી નામ પરેશા (પિન્કી) જેને ભાવેશ મહેન્દ્રભાઈ ત્રિવેદી રહે. સેક્ટર-૨૫, ગાંધીનગર મુકામે પરણાવેલ છે. પરંતુ તેઓના પતિ સાથે મનમેળ ન હોવાથી મનસ્વી રીતે અવારનવાર અમારે રહેઠાણે આવી અમો સીનીયર સીટીજન માતા-પિતા સાથે બેફામ, બે લગામ વ્યવહાર કરીને માનસીક ત્રાસ આપે છે. અમારા ઘરેથી પણ અમારી રજા - સંમતિ વિના સાસરે ચાલી જાય છે. અને તેઓ અમારા કહ્યામાં નથી. જેથી અમોએ તેઓની સાથેના તમામ સંબંધો કાપી નાખેલ છે.આથી અમારા પરેશા સાથેના તમામ સામાજીક વ્યવહારીક સંબંધોનો અંત આવે છે. આથી તેઓએ અમારા કે અમારા પુત્ર ભાવિકના રહેઠાણે પ્રવેશ કરવો નહિ. તથા અન્ય વ્યક્તિઓએ પ્રવેશ કરાવવો નહિ. અન્યથા ગેરકાયદેસર ગૃહપ્રવેશની કાનુની કાર્યવાહી કરવામાં આવશે જેની ગંભીરતાપૂર્વક નોંધ લેવી.

**હંસાબેન મહેશભાઈ જોષી**
**મહેશભાઈ અમૃતલાલ જોષી**
**મો. ૯૮૨૪૧૭૨૦૩૩ (એડવોકેટ)**

મુ. નરોડા — તા. ૧૮/૮/૨૦૧૯

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com